## ગાંભોઈમાં બીજેપીની ટિફિન મિટિંગ યોજાઈ



હિંમતનગર તાલુકાની ગાંભોઈ તાલુકા પંચાયત સીટની ભારતીય જનતા પાર્ટીની ટીફીન મિટિંગનું આયોજન સોમવારના રોજ પીપરેશ્વર મહાદેવ મંદિર રામપુર ( ગાંભોઈ ) ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંગઠન ઉપપ્રમુખ યશવંતભાઈ પટેલ, તાલુકા પંચાયત સદસ્ય કુલદીપસિંહ રાઠોડ, બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ અભેસિંહ પરમાર, સુરજપુરા સરપંચ જગદીશભાઈ પટેલ, રાજપુર પૂર્વ સરપંચ અનુસિહ રાઠોડ તથા પ્રજાપતિ સમાજના અગ્રણી કાર્યકર સતીષભાઈ પ્રજાપતિ તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા.

## મોડાસાના તબીબનું ઉદયપુર ગુજરાતી સમાજ દ્વારા ઉત્તમ સેવાઓ બદલ સન્માન



અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસાની શ્રીનાથ કો.ઓ. ક્રેડિટ સોસાયટીના ડિરેક્ટર શ્રીમતી અન્નાબેન ભરતભાઈ શાહનોપુત્ર ડૉ.અવિ હાલમાં ઉદયપુરમાં આવેલી ગીતાંજલિ હોસ્પિટલમાંથી એમ.બી. એસ કરી માસ્ટર્સ કરે છે. આ સાથે તેમની સેવાઓ આ હોસ્પિટલમાં આપી રહ્યા છે.. એક ગુજરાતી ના નાતે તેઓ ઉદયપુરમાં વસતા કે આકસ્મિક ઘટના મા કોઈ પણ ગુજરાતીને પોતાના સ્વજનની જેમ તેમને ઉત્તમ સારવાર અને જરૂરી તમામ મદદ કરતાં આવ્યા છે. જેનું ગૌરવ લઈ ઉદયપુર ગુજરાતી સમાજ દ્વારા તેમનું સન્માન રવિવારના રોજ પ્રસિધ્ધ મોટિવેશનલ પ્રવક્તા સંજય રાવલ અને ઉદયપુર ગુજરાતી સમાજના સચિવ રાજેશભાઈ મહેતા અને હોદેદારોની ઉપસ્થિતિમાં ડૉક્ટર અવિ નું સન્માન કરવામાં આવતા ખડાયતા સમાજમાં આનંદ છવાયો છે.

## રખાપુર ઈસરીને જોડતો માર્ગ બિસ્માર હાલતમાં...પ્રજા પરેશાન

અરવલ્લીના મેઘરજ તાલુકાના રખાપુર ગ્રામજનો છેલ્લા ઘણા સમયથી પાયાની સુવિધાઓ જેમાં મુખ્ય માર્ગ બાબતે અનેક સમસ્યાઓ વેઠી રહ્યાં છે..આ ગામનો મોડાસા મેઘરજ જેવા શહેરોને



જોડતો પટેલછાપરા થઈ ઈસરીને જોડતો માર્ગ સાવ દયનીય હાલતમાં છે.ઉચ્ચ સ્તરની માર્ગ વિભાગને રજૂઆતો છતાં આજદિન સુધી તંત્ર એ આ ગામ પ્રત્યે ઓરમાયું વર્તન દાખવ્યું હોય એવું સ્પષ્ટ જણાઈ આવે છે.રખાપુર અને પટેલછાપરા ગામ પાસે પાણીનો પારાવાર વ્યય થવાના પગલે રોડ તૂટેલ અને અસંખ્ય ખાડાઓ પડી ગયેલા છે. તંત્ર આ બાબતે પાણીના બેફામ વેડફાટ માટે પણ આ બાબતે વિચારી માર્ગ બનાવવા ડામર અને સિમેન્ટના માર્ગની જરૂરિયાત મુજબ અમુક જગ્યાએ વિચારે જે વધુ હિતાવહ રહેશે... આ માર્ગ પર અમદાવાદ,મોડાસા,અંબાજી, ભિલોડા, ઈડર, ખેડબ્રહ્મા, મેઘરજ, ધનસુરા ને જોડતી એસ.ટી બસના ચાલકો, અને અન્ય વાહનચાલકો ત્રાસી ગયા છે. આ ખાડાના લીધે ઘણીવાર દ્વિચક્રી વાહનોના અકસ્માત પણ થયેલ છે..સત્વરે ગ્રામજનોની ઉગ્ર માંગ છે કે આ માર્ગ બાબતે જવાબદાર તંત્ર કંઈક વિચારે નહિતર હવે ત્રસ્ત પ્રજાજનો આંદોલન અથવા ચક્કજામ કરવાનું પણ રણશિંગુ ફૂંકે તો નવાઈ નહિ !!!!

## જિલ્લાવાસીઓ સાવધાન : આડેધડ વાહન પાર્ક કર્યુ તો દંડાશો

### જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સીલની બેઠક યોજાઇ

સાબરકાંઠા માર્ગ સલામતી કાઉન્સીલની બેઠક જિલ્લા સમાહર્તાશ્રી હિતેષ કોયાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે યોજાઇ હતી. આ બેઠકમાં કલેક્ટરશ્રી હિતેષ કોયાએ જિલ્લામાં ટ્રાફિકમાં અવરોધરૂપ બનતા અડચણો દૂર કરવાની વાત સાથે શહેરી વિસ્તારોમાં બજારમાં આડેધડ પાર્ક કરવામાં આવતા વાહનોને લઈ ટ્રાફીકની સમસ્યા વિકટ બને છે જેને દૂર કરવા અને સખત દંડનીય કાર્યવાહી હાથ ધરવા સબંધિત અધિકારિઓને સુચન કર્યુ હતુ. કલેક્ટરશ્રીએ નેશનલ તેમજ સ્ટેટ હાઈવે પર આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં દબાણના અતિક્રમણને લઈ ટ્રાફિક સમસ્યા વિકટ બને છે જેને સત્વરે દૂર કરવા કડક સુચના આપી હતી. બેઠકમાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાંથી હાઈવે પર બનાવવામાં આવતા બમ્પને દૂર કરવા પણ સુચના અપાઈ હતી. આ ઉપરાંત બેઠકમાં સરકારી વાહન હંકારતા ડ્રાઈવરોનો ટ્રેક રેકોર્ડ તૈયાર કરવાની ખાસ સુચના અપાઈ હતી. જેથી ભવિષ્યમાં થનાર માર્ગ અકસ્માતોનું નિવારણ થઈ શકે. વધુમાં શાળામાં અભ્યાસ કરતા બાળકોને માર્ગ સલામતી અંગે સજ્જતા આવે તે માટે શાળાના શિક્ષક દ્વારા તાલીમ અપાય તે બાબત પર ખાસ ભાર મુક્યો હતો,તેમજ સરકારી વાહનના ડ્રાઈવરોને માર્ગ સલામતી અંગેની તાલીમ આપવા અંગેની પણ વિચારણા કરવામાં આવી હતી. આગામી સમયમાં માર્ગસલામતીને અનુલક્ષીને સીટ બેલ્ટ અને હેલ્મેટ ડ્રાઈવની કામગીરી આવશે એમ તેમણે ઉમેર્યુ હતું. આ બેઠકમાં છેલ્લા બે માસ દરમિયાન ૬ ૨ જેટલા વાહન અકસ્માતો નોંધાયા છે જેમાં ૩૭ વ્યક્તિઓને જાન ગુમાવવાનો વારો આવ્યો હોવાની પણ ચર્ચા કરવામાં આવી હતી જેથી માર્ગ સલામતીની કાર્યવાહી સઘન બનાવવાની સૂચના અપાઈ હતી. આ બેઠકમાં પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી પ્રજાપતી, નાયબ પોલીસ અધિકારીશ્રી ચૌહાણ સહિત સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આઈ.પી.એલ. ઉપર દરરોજનો કરોડોનો સટ્ટો રમાય છે...!!

### પોલીસની ચૂપકીદીથી આશ્ચર્ય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦ આઈ.પી.એલ. શરૂ થતાંની સાથે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શહેરી વિસ્તારોમાં




સટ્ટો શરૂ થઈ ગયો છે. સમી સાંજથી સટોડીયાઓ ગુપ્ત સ્થળે બેસી જઈ સટ્ટો ખેલી રહ્યા છે છતાં પોલીસનું અભય વચન હોય તેમ આજદિન સુધી પોલીસે સટોડીયાઓને ઝડપી લેવા માટે કોઈ કાર્યવાહી ન કરતાં પોલીસની ચૂપકીદીએ મોટું આશ્ચર્ય સર્જી દીધું છે.

ઈન્ડીયન પ્રિમીયર લીગ ટી-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૧૪મી સીઝન શરૂ થઈ છે. કેટલીક ફેન્ચાઈઝીમાં સ્ટાર ખેલાડીઓ શરૂઆતની મેચોમાં રમતા ન હોવાથી સટ્ટા બજાર નરમ હતું પરંતુ છેલ્લા બે દિવસથી સટોડીયાઓએ ધુમ મચાવી દીધી છે. સમી સાંજ થતાં ચોક્કસ વિસ્તારોમાં સટોડીયાઓની હલચાલ શરૂ થઈ જાય છે. સટ્ટા સ્થળે ટીવી સ્ક્રીન આગળ ગોઠવાઈ જઈ મોટો સટ્ટો રમાડવામાં આવી રહ્યો છે. પરંતુ કેટલીક ઓફીસો બાબતે પોલીસને પણ શંકા ન જાય તે રીતે સટોડીયાઓએ આ વખતે સટ્ટા રમતને આવરી લીધી છે. સાબરકાંઠા, અરવલ્લી પોલીસ સતર્ક બની જાય તો જિલ્લામાંથી કરોડોનો આઈ.પી.એલ. પર રમતા સટ્ટાનું ષડયંત્ર બહાર આવે તેમ છે. આમ તો જિલ્લાની એલ.સી.બી. અને એસ.ઓ.જી.એ પાછલા એક મહિનામાં નેત્ર દિપક કામગીરી કરી છે પરંતુ કરોડોના સટ્ટા સામે તેઓની આંખ મિચામણી કામગીરી ખાસ્સી ચર્ચામાં રહી છે.

### બાયડમાં સટોડીયાઓએ ૨ દિવસમાં રૂા.૯ લાખ ગુમાવ્યા

બાયડ : આઈ.પી.એલ. પ્રિમીયમ લીગ શરૂ થતાં બાયડ, સાઠંબા સહિતના અનેક વિસ્તારોમાં સટ્ટા બજાર ધમધમતું થઈ ગયું છે. છેલ્લા ૨ દિવસમાં અનેક ધૂરંધર ટીમો જે રીતે પરાસ્ત થઈ તેમાં બાયડના બે જેટલા સટોડીયાઓએ રૂા.૫ લાખથી વધુની રકમ ગુમાવી દીધી છે. ત્યારે પોલીસ આવા સટોડીયાઓને સાણસામાં લેશે ખરી..??

## સરકાર નવા બિલ પહેલા રખડતા - ભટકતા પશુઓની વૈકલ્પિક વ્યવસ્થા કરે

### ડીસામાં ગોપાલ સેના દ્વારા નાયબ કલેક્ટરને આવેદનપત્ર અપાયું

ડીસા, તા. ૨૯

રખડતા-ભટકતા પશુઓના આતંકમાં કેટલીય માનવ જીંદગી હોમાઈ ચુકી છે. ત્યારે રાજ્ય સરકાર આગામી ૩૧મી માર્ચે રખડતા પશુઓ અંગે નવું બીલ વિધાનસભામાં લાવી રહી છે. જેની સામે રાજ્યભરમાં માલધારી સમાજમાં વિરોધનો વંટોળ ફાટી નીકળ્યો છે. જે અંતર્ગત આજે ડીસા શહેરમાં ગોપાલ સેના દ્વારા ડીસા નાયબ કલેકટરને સમસ્ત માલધારી સમાજ દ્વારા એક આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં રખડતા ઢોર માટે યોગ્ય વ્યવસ્થા કર્યા બાદ જ નવો કાયદો અમલમાં લાવવાની માંગણી સાથે ના.કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં જણાવવામાં આવ્યું હતું કે ૩૧મી માર્ચે જે શહેરી વિસ્તારમાં રખડતા- ભટકતા પશુઓ બાબતેનું નવું બીલ વિધાનસભા ગૃહમાં રજૂ થવાનું છે.જેની સામે માલધારી સમાજ દ્વારા સરકાર સમક્ષ એવી અરજ કરવામાં આવે છે કે સૌ પ્રથમ પશુઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે ત્યારબાદ જ નવા કાયદાની અમલવારી શરૂ કરવામાં આવે. સરકાર દ્વારા જે કાયદો



લાવવામાં આવી રહ્યો છે તેમાં જો રાજમાર્ગો પરથી રખડતા-ભટકતા પશુઓ પકડાય તો માલીકને એક વર્ષની સજા અને દંડની જોગવાઈ રાખવામાં આવી છે. જે માલધારીઓ માટે મહા મુસીબત સર્જશે. તેથી તાત્કાલીક અસરથી આ કાયદાને મોકૂફ રાખવા માંગણી કરવામાં આવી છે.


વધુમા ગ્રામીણ વિસ્તારોમાં અને શહેરી વિસ્તારોમાં જે લોકો ગૌચરની જગ્યાઓમાં દબાણ કરી બેઠા છે.તે જગ્યાઓ સરકાર દ્વારા સત્વરે ખાલી કરાવો જેથી ગાયોને રહેણાક માટે જગ્યા મળી રહે તેવી માંગ પણ માલધારી સમાજ ધ્વારા કરવામાં આવી છે.તેમ અમારા ડીસાના સંવાદદાતા કાંતિલાલ લોધાએ જણાવ્યું હતું.

## સ્વ. MLA ડૉ. જોષીયારાના પુત્ર કેવલ જોષીયારા પર ભાજપની નજર..!!

### કેવલ જોષીયારાએ કહ્યું, હાલ રાજકારણમાં આવવાનો કોઈ વિચાર નથી

મોડાસા, તા. ૨૯

પૂર્વ આરોગ્ય મંત્રી અને કોંગ્રેસના પીઢ નેતા ભિલોડા-મેઘરજના ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારા કોરોના સંક્રમણ સામે જંગ હારી જતા નિધન થતા ભિલોડા વિધાનસભા બેઠક ખાલી પડી છે. ૫ ટર્મથી ડો.અનિલ જોષીયારાનો દબદબો રહ્યો છે. ૨૫ વર્ષથી ભાજપ આ બેઠક જીતી શકી નથી ત્યારે ભિલોડા વિધાનસભા બેઠક કબજે કરવા ભાજપ અંદરખાને તૈયારીઓ શરૂ કરી દીધી છે અને તેમના પુત્ર કેવલ જોષીયારા સાથે સંપર્ક કરવા પ્રયત્નો થઈ રહ્યા હોવાની રાજકીય ચર્ચાએ જોર પકડ્યું છે. તેમના બેસણામાં વિધાનસભા અધ્યક્ષ નીમાબેન આચાર્ય અને ભાજપના સ્થાનિક નેતાઓ પણ પહોંચી શ્રદ્ધાંજલિ અર્પી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ધારાસભ્ય ડો.અનિલ જોષીયારાના વતન ચુનાખાણ પહોંચી તેમને પુષ્પાંજલિ



અર્પી હતી જેને જીલ્લાના રાજકીય વિશ્લેષકો અલગ અલગ તારણ કાઢી રહ્યા છે. સ્વ. ધારસભ્ય ડો.અનીલ જોશીયારાના પુત્ર કેવલ જોષીયારાનો ભાજપના અગ્રણીઓ દ્વારા સંપર્ક કરવામાં આવી રહ્યો હોવાની ચર્ચા વચ્ચે મેરા ગુજરાતે કેવલ જોષીયારા સાથે ટેલિફોનીક સંપર્ક કરતા તેમને જણાવ્યું હતુ કે, હજુ મારા પિતાને ૧૪ દિવસ જ થયા છે અને રાજકારણમા પ્રવેશ અંગે કઈ વિચાર્યુ નથી. પરિવારના વડિલો અને સદસ્યો કહેશે તે પ્રમાણે આગળ વધીશ ભાજપના લોકોના તેમજ અન્ય લોકોના શોકાંજલિ માટે ટેલિફોન આવતા હોય છે, પણ મારો હજુ સુધી કોઈએ મારો સંપર્ક કર્યો નથી.

## પાલનપુરમાં વિપક્ષ કોંગ્રેસે સ્થાનિક મહિલાઓ સાથે પાલિકા કચેરીએ ઢોલ-નગારાં સાથે માટલા ફોડી વિરોધ પ્રદર્શન કર્યું

### ઉનાળાના પ્રારંભે જ પાણીની વિકટ સમસ્યા સર્જાઈ ...

પાલનપુર તા.૨૯

પાલનપુર નગર પાલિકા કોટના અંદરના વિસ્તારમાં પ્રાથમિક સુવિધા આપવામાં ઉણી ઉતરી રહી છે. ત્યારે આજે વિપક્ષ કોંગ્રેસે સ્થાનિક મહિલાઓ સાથે પાલિકા કચેરીએ માટલા ફોડી વિરોધ પ્રદર્શિત કરતા વાતાવરણ ગરમાયું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ના રાજમાં કોટના અંદરના



વિસ્તાર પ્રત્યે ઓરમાયું વર્તન દાખવાઈ રહ્યું છે. વિકાસની વાત તો એકબાજુ એ રહી પરંતુ ઉનાળાના પ્રારંભે જ પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. ત્યારે પાણી, લાઈટ, રોડ અને સફાઈ જેવી પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવાની માંગ સાથે વિપક્ષ કોંગ્રેસે આજે મહિલાઓ સાથે પાલિકા કચેરીએ ઢોલ-નગારાં સાથે માટલા ફોડી વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિપક્ષે પાલિકા પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન અને બાંધકામ ચેરમેન સહિત જિલ્લા ભાજપ પ્રમુખ ઉપર પણ ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા હતા. આગામી હિંદુ-મુસ્લિમ તહેવારોને લઈને નગરપાલિકા પાણી, લાઈટ અને અધૂરા રોડ બનાવી સફાઈ કરાવે તેવી માંગ સાથે મહિલાઓ પાલિકાના ગેટ આગળ ધરણાં પર બેસી ગઈ હતી. જ્યાં રામધૂન શરૂ કરાઈ હતી. જોકે, વિપક્ષે પાલિકાના દરવાજાને તાળું મારવાનો પ્રયાસ કરતા પોલીસ અને નગરસેવકો વચ્ચે સંઘર્ષ થયો હતો. બાદમાં પોલીસે ટીંગાટોળી કરી કોંગ્રેસી નગરસેવકોની અટકાયત કરતા મામલો ગરમાયો હતો.

## શામળાજીના હિંમતપુર ગામમાં વિજય ગામેતીએ વિદેશી દારૂનો અડ્ડો ચાલુ કર્યો..!!

### પોલીસ ત્રાટકી ૨૮ હજારના દારૂ સાથે દબોચ્યો

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લાની રાજસ્થાન રાજ્યને અડીને આવેલી આંતરરાજ્ય સરહદોના ગ્રામ્ય વિસ્તરોમાં વિદેશી દારૂનું કટીંગ અને ધૂમ વેપલો થઈ રહ્યો છે દારૂબંધીના પગલે વિદેશી દારૂના વેપલામાં ત્રણ ગણો નફો હોવાથી અનેક લબરમૂછિયા યુવાનો બુટલેગરો બની ગયા છે શામળાજી નજીક આવેલા હિંમતપુર ગામમાં વિજય ગામેતી નામના બુટલેગરના ઘરમાંથી પોલીસે ૨૮ હજારથી વધુનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. શામળાજી પીએસઆઈ ભરત ચૌહાણ અને તેમની ટીમે તેમના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ હાથધરાતા



હિંમતપુર ગામમાં વિજય ગામેતી ઘરેથી વિદેશી દારૂનો વેપલો કરતો હોવાની બાતમી મળતા તાબડતોડ વિજય કાંતિ ગામેતીના ઘરે રેડ કરી ઘરમાં સંતાડેલ વિદેશી દારૂની પેટી નંગ-૬ તેમજ ક્વાટર મળી કુલ-૩૩૬ કીં.રૂ.૨૮૫૬૦/- નો મુદ્દામાલ જપ્ત કરી વિજય કાંતિ ગામેતીને ઝડપી લીધો હતો વિજય ગામેતીને વિદેશી દારૂનો જથ્થો સપ્લાય કરતા રાજસ્થાનના પાટીયા વલીસા ગામના ઠેકા વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

## ૪૧ ડીગ્રી તાપમાન : જિલ્લામાં ભયંકર ગરમીથી જનજીવન પ્રભાવિત, ગરમી-બફારો વધ્યો

### અસહ્ય ગરમીથી ઝાડા-ઊલટીના ૪૦૦ થી વધુ કેસ..!!, લૂ લાગવાની શરૂઆત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

સૂકાભઠ્ઠ સીમાડા અને આકાશમાંથી વછૂટતા અગનગોળાના કારણે ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં બોર્ડ પરીક્ષા સમયે ગરમી પ્રકોપ ફરી વળતાં પ્રજા-વિદ્યાર્થીઓ બે દિ માં ત્રાહીમામ પોકારી ઉઠી છે. મંગળવારે બપોરે તાપમાનનો પારો ૪૧ ડીગ્રીને પાર કરી ગયો હતો પરંતુ અસહ્ય ગરમી અને બફારાથી બચવા પ્રજા ઠંડક આપતાં ઉપકરણો શોધતી જોવા મળી. ગરમીના કારણે બપોર થતાં બજાર સૂમસામ થઈ ગયાં હતા તેમજ દેવમંદિર-બસ મથકોમાં તેની સીધી અસર જોવા મળી. અસહ્ય ગરમીના કારણે ઝાડા-ઊલટીના બે જિલ્લામાં ૪૦૦ થી વધુ કેસ સપ્તાહમાં સરકારી દફતરે નોંધાયા છે. ભયંકર ગરમીનું મોજુ ફરી વળતાં લૂ લાગવાની શરૂઆત થઈ છે. ભારત સહિત કેટલાક દેશમાં ૨૦૨૫ સુધીમાં ભયંકર પાણીની અછત ઉભી થવાના સંકેત મળ્યા છે. પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં અત્યારથી જ પીવાના પાણીની તંગી ઉભી થઈ છે. દર સોમવારે એ.સી. ચેમ્બરમાં એક્શન પ્લાનની ચર્ચા થાય છે પરંતુ વાસ્તવમાં ગામડાં ખુંદવામાં આવે તો સ્થિતિ કંઈક નોંખી જોવા મળે છે. સુરજ દાદા કોપાયમાન બનતાં સતત બે દિવસથી ૪૧ ડીગ્રી તાપમાનના કારણે ધરતી હવે અંગારો બની ગઈ છે. બપોર થતાં માર્ગો, બજારો સૂમસામ ભાસે છે. ખરીદી માટે આવેલી ગ્રામ્ય પ્રજા ખરીદી પછી છાંયડો શોધતી જોવા મળી છે. તળાવ, ચેકડેમ ખાલીખમ હોવાથી મૂંગું પશુધન પીવાના પાણી માટે વલખાં મારી નિશાસા નાખી રહ્યું છે ત્યારે હજુ તો એપ્રિલ મહિનો શરૂ થયો નથી અને આખો મે. મહિનો બાકી હોવાથી ગરમી પ્રકોપ માનવભક્ષી સાબિત થાય તેવી દહેશત ઉભી થઈ છે. અનેક સેવાભાવિ સંસ્થાઓ અને જીવદયા પ્રેમીઓએ પક્ષીઓને બચાવવા માટે ઘર અને વૃક્ષ ઉપર માળા મૂકવાની સાથે પાણીનાં કુંડાં મૂકવા માંડ્યાં છે. આ વખતે તાપમાનનો પારો ૪૧ ડીગ્રી છતાં ગરમી-બફારાના કારણે તાપમાન ૪૫ ડીગ્રીને પાર કરી ગયો હોય તેવો પ્રજાને અનુભવ થઈ રહ્યો છે.

### ભયંકર ગરમીથી લીલા વૃક્ષ-છોડ કરમાવા લાગ્યા

બાયડ : જિલ્લામાં ભૂગર્ભ જળસ્ત્રોત ઉંડા ઉતરવાની સાથે ગરમીએ આકરા તેવર અપનાવતાં પ્રજા ત્રાહીમામ પોકારી ઉઠી છે. ભયંકર ગરમીથી બપોર થતાં લીલાં વૃક્ષ અને છોડ કરમાઈ જાય છે અને સાંજ પડતાં જ વૃક્ષ જાણે કે ફરીથી સજીવન બન્યું હોય તેવા દ્રશ્યો બે દિવસથી જોવા મળે છે. ખાસ કરીને ઘર આગળ નાના-મોટા બગીચા છે તેવા પરિવારો દ્વારા મૂંરઝાતા વૃક્ષછોડને બચાવવા માટે સવાર-સાંજ પાણી છંટકાવ કરવામાં આવે છે.


### ગરમીથી બચવા આટલું કરો..

બાયડ : અસહ્ય ગરમીથી બચવા માટે પ્રજાએ શક્ય ત્યાં સુધી બપોર થી સમી સાંજ સુધી ઘરમાં જ રહેવું જોઈએ. ખાસ કરીને સૂતરાઉ કપડાંનો પહેરવા માટે ઉપયોગ કરવો જોઈએ. ગરમીના કારણે પરસેવાના રૂપમાં શરીરમાંથી પાણી બહાર નિકળતું હોય છે જેથી દર અડધો કલાકે પાણી પીવું શક્ય હોય તો લીંબુ શરબતના પાણીનો ઉપયોગ કરવો, બપોરે ગરમીમાં બહાર જવું પડે તેવી સ્થિતિમાં છત્રી લઈને જવું તેમજ કાનમાં રૂ નાખવાની પણ તબીબો દ્વારા સલાહ આપવામાં આવી છે.


## જન્મદિને વધામણી




અતુલભાઇ બી.પટેલ
સંચાલક, તક્ષશિલા વિદ્યાલય
બાયડ તા.ધનસુરા



અલકાબેન ચેતનભાઇ ગોર
મોડાસા જી.અરવલ્લી



મહેશભાઈ પટેલ
બાયડ હાઇસ્કુલ
બાયડ (સાયરા)



માનસિંહ સોઢા પરમાર
સંગઠન પ્રમુખ, બાયડ તાલુકા ભાજપ
વારેણા તા.બાયડ



મહેન્દ્ર ભાઈ પંચાલ
હેડક્લાર્ક, સી જી બૂટાલા હાઇસ્કુલ
મોડાસા જિલ્લો અરવલ્લી



પ્રતીક પંકજભાઈ પટેલ
જેતપુર, ચોરીવાડ